સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ અંતર્ગત ૧૪ થી ૧૮ વર્ષની કિશોરીઓ માટે એસ્પીરેશનલ જિલ્લાઓ દાહોદ અને નર્મદા માટે "સ્કીમ ફોર એડોલેસન્ટ ગર્લ્સ" યોજનાના વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,

મહિલા અને બાળ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક : WCDD/IMR/-e-file/23/2022/0754-B (ICDS)

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારનો તા.૦૩-૦૩-૨૦૨૨ નો પત્ર ક્રમાંક :D.O.No.SAG/4/2022-SAG

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગ ના તા.૨૯/૦૮/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક : WCDD/IMR/-e-file/23/2022/ 0754-B (ICDS)

(3) ભારત સરકારનો તા.૦૯-૦૬-૨૦૨૨ નો પત્ર ક્રમાંક :F.No.SAG/7/2022-SAG

(૪) ભારત સરકારનો તા.૦૧-૦૭-૨૦૨૨ નો પત્ર ક્રમાંક :F.No.૧૧/૪/૨૦૨૧-સીડી-૧(ઈ-૯૫૭૦૬)

પ્રસ્તાવના:-

વંચાણે લીધા (૧) થી ભારત સરકાર દ્વારા ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓ માટેની "સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ" યોજના તા.૩૧-૦૩-૨૦૨૨ થી બંધ કરેલ છે. તેથી વંચાણે લીધા (૨) થી રાજ્ય સરકાર દ્વારા "સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લસ" યોજના તા.૩૧-૩-૨૦૨૨ થી બંધ કરવામાં આવેલ. વંચાણે લીધા (3) થી ભારત સરકાર દ્વારા સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ અંતર્ગત એસ્પિરિશનલ જિલ્લાઓ દાહોદ અને નર્મદામાં ૧૪ થી ૧૮ વર્ષની કિશોરીઓ માટે "રીવાઇઝડ સ્કીમ ફોર એડોલેસન્ટ ગર્લ્સ" યોજના શરૂ કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૪) થી ભારત સરકારની સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ અંતર્ગત "રીવાઇઝડ સ્કીમ ફોર એડોલેસન્ટ ગર્લ્સ" ની ગાઇડ લાઇન જાહેર કરવામાં આવેલ છે.

ઠરાવ:

રાજ્યના એસ્પીરિશનલ જિલ્લાઓ દાહોદ અને નર્મદામાં "રીવાઇઝડ સ્કીમ ફોર એડોલેસન્ટ ગર્લ્સ" યોજના અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે. સદર યોજના હેઠળ શાળાએ ૧૪ થી ૧૮ વર્ષની કિશોરીઓને પોષણ અને બિન-પોષણ સેવાઓ આપવામાં આવશે. સદર યોજનાનું અમલીકરણ નીચે મુજબની જોગવાઇઓને આધીન કરવાનું રહેશે.

(૧) "રીવાઇઝડ સ્કીમ ફોર એડોલેસન્ટ ગર્લ્સ" યોજના હેઠળ એસ્પીરિશનલ જિલ્લાઓના (દાહોદ અને નર્મદા) ના ૧૪ થી ૧૮ વર્ષની કિશોરીઓને પોષણ અને બિન-પોષણ સેવાઓ આપવામાં આવશે.

(૨) યોજનાનો હેતુ: આ યોજનાનો મુખ્ય હેતુ કિશોરીઓને શિક્ષિત અને સક્ષમ કરવાનો છે, જેથી તેઓને સ્વાવલંબી થવા સમર્થ બનાવી શકાય તથા સ્વ-વિકાસ અને સક્ષમીકરણ માટે કિશોરીઓને સમર્થ બનાવી શકાય. તેમજ તેઓના પોષણ અને આરોગ્યની સ્થિતિમાં સુધારો લાવી શકાય. આ ઉપરાંત વર્તમાન જાહેર સેવાઓ જેમ કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો,પોસ્ટઑફિસ,પોલીસ સ્ટેશન વિશે માહિતી પુરી પાડી શકાય.

(3) પોષણ સેવાઓ અંતર્ગત ૧૪ થી ૧૮ વર્ષની વયજૂથની કિશોરીઓને ૬૦૦ કેલરી, ૧૮-૨૦ ગ્રામ પ્રોટીન અને મૈક્રોન્યુટ્રિઅન્ટ્સ ધરાવતું પૂરક પોષણ વર્ષમાં ૩૦૦ દિવસ ટેક હોમ રાશનના સ્વરૂપમાં આપવામાં આવશે.

(૪) બિન-પોષણ સેવાઓ અંતર્ગત આયર્ન અને ફોલિક એસિડ પૂરક,આરોગ્ય તપાસ, રેફરલ સેવા, આરોગ્ય શિક્ષણ, કૌશલ્ય તાલીમ, યુવા નેતૃત્વ અને વ્યક્તિત્વ વિકાસ તાલીમ, કિશોરોનો વિકાસ અને સશક્તિકરણ (જીવન કૌશલ્ય શિક્ષણ, કાઉન્સેલિંગ, કારકિર્દી માર્ગદર્શન વગેરે) આપવામાં આવશે.

(૫) આ યોજના અંતર્ગત પુરક પોષણ સેવાઓ માટે ભારત સરકાર અને રાજ્ય સરકારના ૫૦:૫૦ ફાળાથી દૈનીક રૂ.૯.૫૦ લેખે પ્રતિ લાભાર્થી પ્રતિ દિવસ મુજબ ખર્ચ કરવાનો રહેશે, તેમજ બીન-પોષણ સેવાઓ આપવાની રહેશે. "રીવાઇઝ સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ" યોજનાનો અમલથી દાહોદ અને નર્મદા જિલ્લાઓમાં રાજ્યના ૧૦૦% ફાળાથી ચાલતી પુર્ણા યોજના બંધ કરવામાં આવે છે.

ઉક્ત ઠરાવ નાણાં વિભાગની તા.૨૯/૧૧/૨૦૨૨ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પી.બી. પંડયા)
સંયુક્ત સચિવ,
મહિલા અને બાળ વિકાસ વિભાગ

Signature valid
Signed by:P B Pandya
Date: 2023.01.24
14:36:28 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

પ્રતિ

૧. માન. રા.ક. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર

૪. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર

૫. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર

૬. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

૭. તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રી,

૮. તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,

૯. તમામ પ્રોગ્રામ ઓફીસરશ્રી, આઇસીડીએસ

૧૦. તમામ પ્રોગ્રામ ઓફીસરશ્રી, મહાનગરપાલિકા (અર્બન)

૧૧. સિલેક્ટ ફાઇલ-૨૦૨૩